DCB BANK

# ડીસીબી બેન્કે સુરતમાં માંડવીમાં નવી શાખાની શરૂઆત કરી

**૨૨ જૂન, ૨૦૧૧, માંડવી :** ડીસીબી બેન્કે (ડેવલપમેન્ટ ક્રેડિટ બેન્ક લિ.) આજે ગુજરાતના સુરતમાં માંડવી ખાતે તેની નવી શાખાનું ઉદ્‌ઘાટન કર્યુ હતું.

ડીસીબી બેન્ક ગુજરાતમાં મજબૂત રીટેઈલ ધ્યાન ધરાવે છે, તે ૧૪ શહેરોને સેવા પીરસી રહી છે. ઐતિહાસિક દ્રષ્ટિએ પણ, બેન્કના મૂળ ગુજરાતમાં છે અને તેણે તેની સૌથી પહેલી શાખા અહીં ખોલી હતી. ગુજરાતમાં સમૃધ્ધિ વધતા અને ત્યાં આર્થિક સ્તર વધતા બેન્કે તેના ગ્રાહકોની સંખ્યામાં અને થાપણોમાં વૃધ્ધિ થયાનું નોંધ્યું છે. હાલમાં ડીસીબી બેન્ક અમદાવાદ, ગાંધીનગર, અંકલેશ્વર, ભૂજ, દમણ, ડેડીપાડા, રાજકોટ, સિધપુર, સિલ્વાસા, સુરત, વડોદરા અને વાપીમાં શાખા ધરાવે છે.

આગળ વધીને ડીસીબી બેન્કનો હેતુ તેના રીટેઈલ બેન્કીંગમાં ગ્રાહકોનો પાયો વધારવાનો અને તેઓને વિશાળ શ્રેણીના બેન્કીંગ અને ફાઈનાન્સિયલ પ્રોડક્ટ અને સેવાઓ ઓફર કરવાનો છે. તે ઉપરાંત માઈક્રો-એસએમએસ અને એસએમઈમાં પણ પહોચવાનો છે.

ડીસીબી બેન્કના એમડી અને સીઈઓ શ્રી મુરલી એમ.નટરાજને કહ્યું કે, ‘ડીસીબીની વિકાસ યોજનાના ભાગરૂપ અમે રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા પાસેથી આ શાખા ખોલવાની પરવાનગી મેળવી લીધી છે. માંડવી ખાતે અમારી ગ્રામીણ શાખા ખોલવાનો અમને ખૂબ જ આનંદ છે. આ શાખા સાથે અમે ગ્રાહકોને રીટેઈલ, કૃષિ અને બેન્કીંગ પ્રોડક્ટ પૂરા પાડી શકીશું. ઓક્ટોબર ૨૦૦૭થી ,ડીસીબી એ ગુજરાતના નર્મદા જિલ્લાના ડેડીપાડા ખાતે ગ્રામીણ શાખા ખોલી હતી, જેનું તે સફળતાપૂર્વક સંચાલન કરી રહી છે. ’

ડીસીબી બેન્કની પ્રોડક્ટ શ્રેણીમાં સામેલ છે :

- **કૃષિ અને સમાવેશક બેન્કીંગ :** ડીસીબી બેન્કના રૂરલ બેન્કીંગ ઈનિશિયેટીવમાં તે ૧૧૦૦ ગ્રામીણ સંસ્થાઓને સેવા પૂરી પાડે છે. ગુજરાતમાં માંડવી, સાતબારા, નેતરંગ, નાસવાડી, ડેડીપાડા અને ઉમરપાડા જેવા અંદાજે ૬ ગામડાઓના ક્લસ્ટરમાં સેવા પૂરી પાડે છે. કાર્યક્રમનો હેતુ લોન અને ડીપોઝીટ પ્રોડક્ટ મારફત આશરે ૧.૫૦ લાખ ઘરોને આર્થિક સમાવેશક પૂરા પાડવાનો છે. ખાસ કરીને ડેડીપાડા શાખામાં ઓછી આવકવાળા ગ્રુપ કે જેઓ કયારેય બેન્કીંગનો ઉપયોગ કર્યો નથી તેવાને માટે બચત અને માઈક્રો-ડીપોઝીટ પર ધ્યાન કેન્દ્રીત કરવામાં આવે છે.
- **માઈક્રો એસએમઈ અને લાર્જ એસએમઈ લેન્ડીંગ :** ડીસીબી બેન્ક એસએમઈ સેક્ટર માટે ટેલર-મેડ ફાઈનાન્સિયલ પ્રોડક્ટ ઓફર કરે છે અને બેન્ક અમદાવાદ, સુરત, રાજકોટ, અંકલેશ્વર અને ભૂજના અગ્રણી ઔધ્યોગિક વિસ્તારમાં સારા વેપારી સંબંધો વિકસાવ્યા છે.

**ડીસીબી બેન્ક (ડેવલપમેન્ટ ક્રેડિટ બેન્ક લિ.) વિશે**

ડીસીબી એ ખાનગી ક્ષેત્રની નવા જમાનાની બેન્ક છે. તે ૧૦ રાજ્યો અને બે કેન્દ્ર શાસિત પ્રદેશમાં ૮૦ થી વધુ સ્ટેટ-ઓફ-ધ-આર્ટ શાખાઓ ધરાવે છે.બેન્ક એ તાજેતરમાં જ ઘણા નવી વેલ્યુ એડેડ સેવાઓ બહાર પાડી છે જેથી તે ખાનગી ક્ષેત્રની પ્રીફર્ડ બેન્ક બની શકે.

ડીસીબીના કામકાજના સેગમેન્ટમાં રીટેઈલ, માઈક્રો-એસએમઈએસ, લાર્જ એસએમઈએસ, મિડ કોર્પોરેટ, માઈક્રોફાઈનાન્સ ઈન્સ્ટિટયુટ (એમએફઆઈ), કૃષિ, કોમોડીટીસ, સરકારી, જાહેર ક્ષેત્ર, ભારતીય બેન્કો, કો-ઓપરેટીવ બેન્ક અને નોન બેન્કીંગ ફાઈનાન્સ કંપનીઓનો સમાવેશ થાય છે.

ડીસીબી બેન્કે નાણાકીય વર્ષ ૨૦૧૧ માટે રૂ.૨૧.૪૩ કરોડનો ચોખ્ખો નફો જાહેર કર્યો છે. આ ગાળામાં થાપણો ૧૭ ટકા વધીને રૂ.૫૬૧૦ કરોડ, એડવાન્સ ૨૪ ટકા વધીને રૂ.૪૨૭૧ કરોડ રહી હતી. બેલેન્સ શીટમાં ૨૦ ટકાનો વિકાસ નોંધાઈને તે રૂ.૭૩૭૨ કરોડ રહી છે.

ડીસીબીએ તેની સ્થાપનાના વર્ષથી એટલે કે વર્ષ ૧૯૩૦થી ભારતમાં તેના ઊંડા મૂળ ધરાવે છે. તેના પ્રમોટર આગા ખાન ફંડ ઓફ ઈકોનોમિક ડેવલપમેન્ટ (એકેએફઈડી) ૨૪ ટકા હિસ્સો ધરાવે છે.એકેએફઈડી એ આંતરરાષ્ટ્રીય ડેવલપમેન્ટ એજન્સી છે.તે વિકસિત દેશોમાં સાહસિકતા અને અર્થતંત્રના વિકાસને પ્રમોટ કરે છે. એકેએફઈડી અલગ ૧૫૦ પ્રોજેક્ટ કંપની તરીકે કામ કરે છે.તે ૩૦,૦૦૦ લોકોને રોજગારી પૂરી પાડે છે.તેણે ૨ અબજ ડોલરની વાર્ષિક આવક નોંધાવી હતી. ૭૦ના ઉત્તરાર્ધમાં ભારતમાં એચડીએફસીને પ્રમોટ કરવા માટે કો-પ્રમોટરની ભૂમિકા ભજવી હતી.

વધુ માહિતી માટે મુલાકાત લો **www.dcbl.com** & **http://www.akdn.org/akfed**

વધુ માહિતિ માટે સંપર્ક

ડીસીબી
ગૌરવ મેહતા
હેડ-માર્કેટીંગ અને પીઆર
૯૮૭૦૪૩૨૧૦૧
લેન્ડલાઈન-૨૨ ૬૬૧૮૭૦૦૦ એકસ.૭૦૪૨
Email: gauravm@dcbl.com

રોહિત શાહ
૦૯૮૭૯૪૯૫૬૭૬
Email: shahrj_2006@yahoo.co.in